# ૬.૧૨ જૈનાચારનુ અંતિમલક્ષ્ય – ચારિત્ર ધર્મ.

ટીમ ક્રિકેટરનું લક્ષ્ય વિજેતા બનવાનું, પરીક્ષાર્થીનું લક્ષ્ય પહેલે નંબરે ઉતીર્ણ થવાનું, વેપારીનું લક્ષ્ય શ્રીમંત થવાનું હોય તેમ, દરેક ધર્મનું લક્ષ્ય સુખ–શાંતિ–આનંદ પમાડવાનું હોય પરંતુ સાચા અર્થમાં સંપૂર્ણ રીતે શાશ્વત સ્વરૂપ કે આત્મસ્વરૂપ પમાડવાનું લક્ષ્ય જૈનધર્મમાં સૂક્ષ્મદ્દષ્ટિએ જોતાં જણાય છે. અને તેના મૂળ 'ચારિત્ર' સુધી હોય છે.

અધ્યાત્મ પ્રાપ્તિના અનેક વિધ રસ્તા પૈકી માનવીના ભાવો અને વિચારોનું પ્રતિબિંબ તેના આચાર (ચારિત્ર) ધર્મ ઉપર પડે છે. આચાર જેટલો સમ્યગ્ વિચાર–ચિંતન પૂર્વકનો હોય તેમ તેમ તે વ્યક્તિની રીતભાત–આચાર, નિર્મળ વિશુદ્ધ અને શ્રેષ્ઠતમ થાય છે અને તે આચાર કહેતાં ચારિત્ર, જૈન ધર્મનું સાધુપણું સ્વીકાર્યા પછી ઉત્તરોત્તર કેટલી ઉંચાઈ સુધી પહોંચાડવાનું હોય છે તથા જીવાતા જીવનમાં આચાર વિચારની શક્તિ ધારા કેટલી પવિત્રતમ બનાવી શકાય છે તેની થોડીક સમજૂતી આપી છે.

ચારિત્રનો અર્થ થાય છે ચય્ + રિક્ત

**'ચય'** એટલે એકઠા કરેલા કર્મો. **'રિક્ત'** કહેતા ખાલી કરવું એટલે આત્માને કર્મથી ખાલી કરવું તે ચારિત્ર.

જૈનશાસનમાં ચારિત્ર નામે પાંચ પ્રકારના કહ્યા છે.

(૧) સામાયિકચારિત્ર,

(૨) છેદોપસ્થાપનીયચારિત્ર,

(૩) પરિહારવિશુદ્ધિચારિત્ર,

(૪) સૂક્ષ્મસંપરાયચારિત્ર,

(૫) યથાખ્યાતચારિત્ર.

દરેક તીર્થંકર પરમાત્મા તથા ભવ્ય આત્માઓ સંસારથી નિર્વેદપામી સંવેગ રંગે રંગાઈને પ્રવજ્યાને પંથે પ્રયાણ કરે છે તે શાસ્રયુક્ત શબ્દ ચારિત્ર. અનાદિકાળની એકઠી થયેલી કર્મવર્ગણાને જે ક્ષય કરવી તેનું નામ ચારિત્ર. ચારિત્ર વિના મુક્તિ નથી.

## (૧) સામાયિક ચારિત્ર :

દરેક તીર્થંકરો દીક્ષા લેતી વખતે પ્રથમ 'કરેમિ સામાઈયં' કહી સામાયિક ઉચ્ચરે છે. સામાયિક એટલે સર્વ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરી પચ્ચક્ખાણનું સમ્યગ્ પ્રકારે પાલન કરવું. જોકે આત્માનું સ્વરૂપ એજ સામાયિક છે, નિશ્ચયથી અને વ્યવહારથી આત્માની સ્વાભાવિક સ્થિતિ પ્રત્યે લઈ જનાર તમામ સાધનો ક્રિયાઓ કે અનુષ્ઠાનો એ મૂળભૂત સામાયિક છે.

સમ એટલે સમભાવ. મિત્રતા કે બંધુત્વરૂપ સર્વ જીવો પ્રત્યે વર્તવું તે સાર છે. સમ્યગ્ જ્ઞાન–દર્શન–ચારિત્રનો સમન્વય સામાયિક એટલે મોક્ષમાર્ગમાં જોડનારો ધર્મવ્યાપાર છે યોગદર્શનકાર જે ચારયોગ જણાવે છે. તેમાં મંત્રયોગ–હઠયોગ–બળયોગ અને ચોથો રાજયોગ છે તો સામાયિક એ રાજયોગનું ક્રિયાત્મક સ્વરૂપ છે. ચિત્તની કલેશમય અવસ્થાનો ત્યાગ કરી પ્રશમરૂપ ભાવ સમાધિને પ્રાપ્ત કરાવનારો છે.

પાંચ ભરત–પાંચ ઐરાવત ક્ષેત્રમાં પહેલા–છેલ્લા જિનના સમયે પહેલા લઘુદીક્ષા અપાય છે તે ઈત્વરકથિત સામાયિક કહેવાય છે. જ્યારે બાવીશ તીર્થંકરના શાસનમાં તથા પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં લઘુદીક્ષા કે વડીદીક્ષાનો ભેદ હોતો નથી. ત્યાં પહેલેથી જ વડીદીક્ષા આપવામા આવે છે તે યાવત્કથિત સામાયિક કહેવાય છે.

શ્રાવક સામાયિક –પૌષધ કરે છે તે ઈત્વર કથિત સામાયિક છે ઈત્વરકથિત સામાયિક અતિચારવાળુ અને છમાસનું હોય છે. જ્યારે યાવત્કથિત સામાયિક નિરતિચાર અને યાવત્ (સંપૂર્ણ) જીવનનું હોય છે. સામાયિક કરવું એટલે ચિત્તવૃતિને શાંત કરવી, સમભાવમાં સ્થિર રહેવું. મધ્યસ્થ ભાવને કેળવવો અને સર્વ જીવો પ્રત્યે સર્વાત્મભાવ કેળવવાનો પ્રશસ્ત અભ્યાસ એનું નામ સામાયિક છે. આ વ્રત જીવને અધ્યાત્મ માર્ગે ચડાવવા માટે ભોમિયો છે. તેમજ દુર્ગતિના દ્વારની સાંકળ (અર્ગલા) અને સદ્ગતિના દ્વારની કૂંચી (ચાવી) છે. માટે સામાયિક હિતકારક – સુખકારક કલ્યાણકારક છે. સામાયિકના ચાર પ્રકાર આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) શ્રુતુસામાયિક | : | શાસ્ત્ર અભ્યાસથી |
| (૨) સમ્યક્ત્વ સામાયિક | : | શ્રદ્ધા ગુણની શુદ્ધિ માટે |
| (૩) દેશવિરતી સામાયિક | : | બારવ્રતો તથા નવમાં વ્રતનો સ્વીકાર |
| (૪) સર્વવિરતિ સામાયિક | : | હિંસાદિ પાપવૃતિનો સર્વથા ત્યાગ. |

## ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર :

આ ચારિત્રના નીચે બે પ્રકાર બતાવ્યા છે. જયારે વ્યાખ્યામાં અતિચાર યુક્ત એકલું લખેલ છે તે વિચારવું. આ ચારિત્ર બે પ્રકારે છે. (૧) પ્રાયશ્ચિતવાળું સાતિચાર છેદોપસ્થાપનીય અને (૨)નિરતિચાર છેદોપસ્થાનીય ચારિત્ર. મહાવ્રતના ઘાતથી દીક્ષાપર્યાય છેદી ફરી ચારિત્ર લે તે દા.ત. અરણિક મુનિ. લઘુદીક્ષાથી માંડીને વડીદીક્ષા સુધીનો અતિચારયુક્ત દીક્ષાપર્યાય છેદીને આચાર્ય ભગવંતપાસે કે પદસ્થ સાધુ પાસે પાંચ મહાવ્રતો ઉચ્ચરીને પાંચમહાવ્રતોનો જ્ઞાન–શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરે તે છેદોપસ્થાપનીય ચારિત્ર છે.

jainuniversity.org

નિરતિચાર ચારિત્ર : એક તીર્થંકરના શાસનમાંથી બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરવો તે તીર્થસંક્રાન્તિરૂપ છેદોપસ્થાપનીય ચારિત્ર છે. આ ચારિત્ર પાંચ ભરત અને ઐરાવતમાં જ હોય છે કારણકે પહેલા છેલ્લા જિનના સમયે લઘુદીક્ષા પછી વડી દીક્ષા અપાય છે તે પર્યાયનો છેદ કરીને મહાવ્રતો ઉચ્ચરાવાય છે. આ બન્ને પ્રકારના ચારિત્ર છે.

## ૩. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર :

પરિહાર એટલે ગચ્છના ત્યાગપૂર્વક જે વિશિષ્ટ તપ કરી આત્માની વિશુદ્ધિ કરવામાં આવે છે. તેને પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહેવામાં આવે છે. વિશેષ સંયમતપની આરાધના કરવાના શુદ્ધ અધ્યવસાયથી ગુરુની આજ્ઞા લઈ ગચ્છથી છૂટા પડી ૧૮ મહિના સુધી નવ સાધુનો સમુદાય બહાર જઈને ઉચ્ચકોટીની તપધર્મની આરાધના કરે તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર છે. આ ચારિત્ર પ્રથમ સંઘયણ વાળા સાધુઓ કરી શકે છે. હાલ છેવટ્ઠુ સંઘયણ છે તેથી તે ચારિત્રનો વિચ્છેદ (માંગ નથી)છે. આ ચારિત્રવાળા તપસ્વી મહાત્માઓ ચાર સાધુઓ છ માસ તપ કરે ત્યારે તેમની બીજા ચાર સાધુઓ વૈયાવચ્ચ કરે અને એક સાધુ વાચનાચાર્ય ગુરુથાય પછી વૈયાવચ્ચ કરનાર ચાર સાધુઓ તપ કરે અને તપસ્વી સાધુ તેમની વૈયાવચ્ચ કરે તેમનો તપ પૂર્ણ થયે વાચનાચાર્ય ગુરુ છમાસનો તપ કરે એ વખતે જઘન્યથી એક ને ઉત્કૃષ્ટથી સાત સાધુઓ તેનું વૈયાવચ્ચ કરનારા થાય. આ ચારિત્ર પરિહાર વિશુદ્ધિ ચારિત્ર છે.

## ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :

દશમાં ગુણઠાણે ઉપશમ શ્રેણીમાં કે ક્ષપકશ્રેણીમાં અત્યંત વિશુદ્ધિમાં રહેલા સાધુમહાત્મા સૂક્ષ્મલોભરૂપી કષાયને અનુભવે તે સુક્ષ્મ સંપરાય, સંપરાય એટલે કષાય. મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિને ખપાવતાં છેલ્લે સુક્ષ્મસંપરાય દશમે લોભને ખપાવે છે. ત્યાર બાદ વિશુદ્ધિની યોગ્યતાથી ભાવવિભોર બનતા વીતરાગ ગુણસ્થાનકને પામનાર બને છે. દશમા ગુણસ્થાનકે રહેલા આત્માને આ ચારિત્ર હોય છે. વર્તમાનકાળમાં ભરત – ઐરાવતક્ષેત્રમાં કોઈ પણ મહાત્માને ચારિત્ર હોતું નથી.

## ૫. યથાખ્યાત ચારિત્ર :

jainuniversity.org

જેવું જિનેશ્વર દેવોએ કહ્યું છે તેવું કષાય રહિત સંપૂર્ણ નિરતિચાર ચારિત્ર કે જે ચારિત્રથી તે ભવે જ સાધુ મોક્ષે જનારો બને છે, આ ચારિત્રથી જ મુક્તિ મળે છે. કષાયોનો સર્વથા ઉપશમ કે ક્ષયથતા સાધુઓને જે નિર્મળ ચારિત્ર હોય છે તે ચારિત્રવિના મુક્તિ નથી, આ ચારિત્ર વીતરાગ પણાને પામવા માટેનું છે. ૧૧, ૧૨, ૧૩, અને ૧૪ ગુણસ્થાનકે રહેલા આત્માને હોય છે. સાધના જગતમાં કર્મદશા મુક્ત થવાને આરે હોય છે. ત્યારે સંપૂર્ણ આંતર જગતમાં વિશુદ્ધિ છવાઈ જાય છે.

આ ચારિત્રમાં કષાયનો સર્વથા ઉપશમ કે ક્ષયથવાથી વીતરાગપણાની પ્રાપ્તિ હોય છે. તેના ચાર પ્રકારો છે.

(૧) ઉપશાન્ત યથાખ્યાત, (૨) ક્ષાયિક યથાખ્યાત, (૩) છાદ્મસ્થિક યથાખ્યાત તથા કેવલિક યથાખ્યાત.

અગિયારમાં ગુણસ્થાનકે મોહનીય કર્મ સત્તામાં હોય છે પણ તદ્દન શાંત હોવાથી તેનો ઉદય હોતો નથી, તે વખતનું ચારિત્ર, ઉપશાંતયથાખ્યાત બારમા – તેરમાં – ચૌદમાં ગુણસ્થાનકે મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી જે ક્ષાયિકભાવનું ચારિત્ર હોય તે ક્ષાયિક યથાખ્યાત અગિયારમે બારમે ગુણસ્થાનકે રહેલો આત્મા છદ્મસ્થ હોવાથી તેના ચારિત્રને છાદ્મસ્થિક ચારિત્ર કહેવાય છે તથા તેરમાં ચૌદમાં ગુણસ્થાનકે રહેલો આત્મા કેવલી હોવાથી તેમનું ક્ષાયિકભાવનું ચારિત્ર તે કેવલિક યથાખ્યાત ચારિત્ર કહેવાય છે.

સંપૂર્ણ શુદ્ધિવાળું સામાયિક ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર,મોક્ષની પ્રાપ્તિ યથાખ્યાત ચારિત્રથી જ થાય છે.